તંત્રની ગંભીર ઘોર બેદરકારી કોઈનો ભોગ લેશે!

પારડીમાં ખુલ્લી ગટરમાં ધો-5નો વિદ્યાર્થી સાઈકલ સાથે ખાબક્યો

શાળા જતાં દુર્ઘટના સર્જાઈ, સદનસીબે પસાર થતાં રિક્ષાચાલકની નજર પડતાં બચાવ

વરસાદી પાણીના નિકાલ માટે ગટરનાં ઢાંકણાં ખોલ્યા બાદ બંધ કરવાની તસ્દી ન લેતાં લોકોના જીવ જોખમમાં: સ્થાનિકો

અમૃત પટેલ

પારડીઃ પારડી હાઈવે પર સર્વિસ રોડ સાઈડ આવેલી ડ્રેનેજના ખુલ્લા ઢાંકણાના કારણે અવારનવાર પશુઓ અને માણસોના પડવાની ઘટનાઓ સામે આવતી રહે છે. ત્યારે ફરી એકવાર પારડી કુમાર શાળા અને મહેતા હોસ્પિટલ નજીક સાઈકલ સાથે એક બાળક અંદર પડી ગયો હતો.

મળતી માહિતી અનુસાર, પારડી નેશનલ હાઈવે 48 સર્વિસ રોડના બંને સાઈડ આવેલ ડ્રેનેજ પર ઢાંકણાના અભાવે શાળાએ જઈ રહેલો ધોરણ-૫ નો માસૂમ વિદ્યાર્થી મંથ નીતિનભાઈ મિસ્ત્રી સાઈકલ પર પસાર થઈ રહ્યો હતો, ત્યારે સર્વિસ રોડ પર ખુલ્લી ગટરમાં સાઈકલ સાથે સીધો ગરકાવ થઈ ગયો હતો. ઘટના સમયે ત્યાંથી પસાર થઈ રહેલા એક જાગૃત રિક્ષાચાલકે તુરંત પોતાની રિક્ષા ઊભી રાખીને બાળકને ગટરમાંથી બહાર કાઢી મોટો અનર્થ થતાં અટકાવ્યો હતો. આ દુર્ઘટનામાં માસૂમ બાળકના માથાના ભાગે અને શરીર પર નાની-મોટી ઈજાઓ પહોંચી હતી,

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, હાઈવે ઓથોરિટી દ્વારા વરસાદી પાણીના નિકાલ માટે ૧૫ દિવસ પહેલાં ગટરના ઢાંકણા ખોલ્યા હતા, પરંતુ કામ પત્યા પછી ઢાંકણાં બંધ કરવાની તકેદારી રાખી નથી. એક નહીં પરંતુ બંને બાજુ ૧૦ થી ૧૫ જેટલા ઢાંકણા ખુલ્લા પડ્યા છે. કોઈનો જીવ જશે તો એની જવાબદારી કોની? હાઈવે ઓથોરિટી સામે લોકોમાં ભારે આક્રોશ વ્યાપી જવા પામ્યો છે.

બાળકના પિતા નિતિનભાઈ મિસ્ત્રીએ જણાવ્યું કે, આજે મારા બાળક સાથે આ ઘટના બની છે, કાલે બીજા કોઈના બાળક કે કોઈ નિરાધાર પશુ સાથે આ અકસ્માત થઈ શકે છે. જો કે હાલ સ્થાનિક હરીશભાઈ દ્વારા હાઈવે ઓથોરિટીને આ બાબતે જાણ કરવામાં આવી છે તેમજ નગરપાલિકાને જાણ કરી જેસીબી વડે હાલ પૂરતું ત્યાં સલામતીના ભાગરૂપે નાળું મૂકવામાં આવ્યું છે.

પૂરના સપ્તાહ બાદ પણ અંડરપાસ બંધ

વલસાડમાં તંત્રની ઢીલી નીતિને કારણે ૧૦ કિલોમીટરનો લાંબો ચકરાવો, લોકોમાં રોષ

વલસાડઃ વલસાડ શહેરમાં ગત ૨૩ તારીખે આવેલા વિનાશક પૂરને એક અઠવાડિયું વીતી જવા છતાં લોકોની મુશ્કેલીઓ યથાવત છે. પૂરે સર્જેલી ભારે તારાજીનો સૌથી મોટો ભોગ શહેર અને આસપાસના ૪૦ જેટલા ગામોને જોડતો મુખ્ય અંડરપાસ બન્યો છે. અંડરપાસમાં ભારે નુકસાન થવાના કારણે તે હજુ પણ બંધ હાલતમાં છે. તંત્રની ઢીલી નીતિને કારણે હજારો લોકોને રોજિંદા કામકાજ માટે ૧૦ કિલોમીટરનો લાંબો ચકરાવો લેવો પડી રહ્યો છે. તમામ કચેરીઓમાં રજૂઆતો કરવા છતાં કોઈ નક્કર પગલાં ન લેવાતા સ્થાનિકોમાં ભારે રોષ વ્યાપ્યો છે.

વલસાડમાં ૨૩મી તારીખના પૂરે સર્જેલી વિષમ પરિસ્થિતિના નિશાન હજુ પણ યથાવત છે. શહેરની મધ્યમાં આવેલો અને આસપાસના ૪૦ જેટલા ગામોને વલસાડ સાથે જોડતો મુખ્ય અંડરપાસ પૂરના પાણીથી ભારે ક્ષતિગ્રસ્ત થયો છે. એક સપ્તાહ વીતી જવા છતાં તંત્ર દ્વારા આ ક્ષતિગ્રસ્ત અંડરપાસનું રિપેરિંગ કામ શરૂ કરવામાં આવ્યું નથી, જેના કારણે સંપર્ક વિહોણી જેવી સ્થિતિ સર્જાઈ છે. આ અંડરપાસ માત્ર એક રસ્તો નથી, પરંતુ હજારો નાગરિકો માટે જીવાદોરી સમાન છે. સ્થાનિકોની ધીરજ હવે ખૂટી રહી છે. સમસ્યાના વહેલી તકે ઉકેલ માટે નગરપાલિકા, મામલતદાર, કલેક્ટર અને સ્થાનિક સાંસદ સુધી લેખિત તેમ જ મૌખિક રજૂઆતો કરવામાં આવી છે. છતાં પણ કુંભકર્ણની નિંદ્રામાં સૂતેલા તંત્રના પેટનું પાણી હલતું નથી. તંત્રની આ ઘોર નિષ્ક્રિયતા સામે હવે લોકોમાં ઉગ્ર અસંતોષ ભભૂકી રહ્યો છે.

દ.ગુજરાતના 6 બુટલેગર પર ગુજસીટોકનો ભરડો

બુટલેગરો સાથે કથિત રીતે સંપર્ક ધરાવતા 6 કોન્સ્ટેબલોની બદલી

વલસાડઃ દમણથી ગુજરાતમાં દારૂ ઘુસાડનારા 6 રીઢા બુટલેગરો પર પોલીસે ગુજસીટોકનો કોરડો વિંઝ્યો છે. આ સાથે આ બુટલેગરો સાથે કથિત રીતે સંપર્ક ધરાવતા 6 કોન્સ્ટેબલોની સામે કાર્યવાહી કરી તેમની જિલ્લા બહાર બદલી કરી દેવામાં આવી છે.

વલસાડ જિલ્લા પોલીસ દ્વારા મોટા ગજાના બુટલેગરોમાં નિલેશ ઉર્ફે નિલ્યો ઘોડો બિરેન્દ્રસિંહ ઠાકુર(રહે., ઉદવાડા), કિરણ ઉર્ફે છનિયો બાબુ પટેલ (રહે., નાનીદમણ), ભાવેશ ઉર્ફે ભાવલો ઠાકોર પટેલ (રહે., નાની દમણ), સોહન ઉર્ફે સન્ની કિશોર પટેલ (રહે., પલસાણા સુરત), કેયુર રોહિત ભંડારી (રહે., બારડોલી) અને પીન્ટુ પરસોત્તમ પટેલ (રહે., બારડોલી) વિરુદ્ધ 10 વર્ષમાં દારૂની હેરાફેરીના 148 જેટલા કેસો નોંધાયેલા હોય, તમામ વિરુદ્ધ તેમણે ગુજસીટોકનો કાયદો લાગુ કર્યો છે. દારૂની હેરાફેરી રોકવા પોલીસે કરેલી આ કાર્યવાહીના પગલે સમગ્ર વલસાડ જિલ્લા પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે.

આ સાથે વલસાડ જિલ્લા એલસીબીના 5 અને નાનાપોંઢાના એક પોલીસકર્મી બુટલેગરો સાથે કથિત રીતે સંપર્કમાં હોવાના કારણે તેમની સામે પણ બદલીનો કોરડો ઝીંકાયો છે. જેમાં પોલીસે એલસીબીના કનસિંગ દાયકર, રજની બારિયા, ભુપેન્દ્ર યાદવ, નીતિન ચૌધરી, યોગેશ પરમાર અને નાનાપોંઢાના ઘનશ્યામ આહીરની જિલ્લા બહાર બદલી કરાઈ છે. આ બદલી રેન્જ આઈજી દ્વારા કરવામાં આવી છે.

બુલેટ ટ્રેન પ્રોજેક્ટનો સ્ક્રેપ લૂંટ કેસના આરોપીના જામીન નામંજૂર

વલસાડઃ વાપીના બીજા એડિશનલ સેશન્સ કોર્ટે બુલેટ ટ્રેન પ્રોજેક્ટનો અંદાજે પાંચ ટન વજનનો, રૂ. 1.76 લાખ કિંમતનો લોખંડનો સ્ક્રેપ લૂંટવાના ગુનામાં સંડોવાયેલા આરોપી હેમંતસિંગ ઈન્દ્રજીતસિંગ નાઓની દ્વારા કરવામાં આવેલી જામીન અરજી નામંજૂર કરી છે. ડુંગરા પોલીસે ડુંગરા દેસાઈવાડથી હાઈડ્રો ક્રેન વડે એક ટેમ્પામાં ભરી ચોરી કરવાના કેસમાં આરોપીની ધરપકડ કરી હતી. ત્યારબાદ આરોપીએ જ્યુડિશિયલ જામીન પર કસ્ટડીમાંથી છૂટવા એડિશનલ સેશન્સ કોર્ટમાં અરજી કરી હતી. જેની સુનાવણી દરમિયાન સરકાર પક્ષ તરફથી ડીજીપી અનિલ ત્રિપાઠીએ આરોપીને જામીન ન આપવા માટે દલીલો રજૂ કરી હતી. અદાલતે સરકાર પક્ષની દલીલોને ગ્રાહ્ય રાખી આરોપીની નિયમિત જામીન અરજી નામંજૂર કરી છે.

દમણમાં 16 મહિનાની બાળકી પર દુષ્કર્મમાં આરોપીને 20 વર્ષની કેદ

બિસ્કિટ આપવાના બહાને બાળકીને લઈ ગયો હતો, આરોપી ચાર સંતાનનો પિતા

દમણઃ સંઘપ્રદેશ દમણના ડાભેલ વિસ્તારમાં આવેલી એક ચાલમાં 16 મહિનાની માસૂમ બાળકી પર દુષ્કર્મ આચરનાર આરોપીને જિલ્લા અને સત્ર ન્યાયાધીશ રાજેશ તિવારીની અદાલતે દોષિત જાહેર કરી 20 વર્ષની સખત કેદ તથા 10 હજાર દંડની સજા ફટકારી છે.

મળતી.માહિતી અનુસાર, 19 જાન્યુઆરી, 2023ના રોજ બનેલી આ ઘટનામાં ઉત્તર પ્રદેશના પ્રતાપગઢ જિલ્લાનો મૂળ રહેવાસી દિલીપ રામચંદ્ર ગૌતમ જે ચાર સંતાનોનો પિતા છે તેણે નશાની હાલતમાં 16 મહિનાની બાળકી સાથે આ જઘન્ય ગુનો આચર્યો હતો. ઘટના સમયે માસૂમ બાળકી તેની માતા પાસે બેઠી હતી. આરોપીએ બિસ્કિટ અપાવવાના બહાને બાળકીનું અપહરણ કરીને તેને પોતાના સાથે લઈ ગયો હતો. બાદમાં આરોપી બાળકીને પરત લાવ્યો હતો. તે સમયે બાળકીનું અંદરનું વસ્ત્ર ગાયબ હતું અને તેના ગુપ્તાંગમાંથી લોહી નીકળી રહ્યું હતું. માતાએ પૂછપરછ કરતાં આરોપી ત્યાંથી ફરાર થઈ ગયો હતો. તબીબી તપાસમાં બાળકીના ગુપ્તાંગમાં ગંભીર ઈજા તેમજ કોઈ વસ્તુનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાની પુષ્ટિ થઈ હતી. આ કેસની તપાસ દરમ્યાન તે સમયના પીએસઆઈ વિશાલ પટેલ તથા ઈન્ચાર્જ અધિકારી ધનજી દુબારિયાની ટીમે ઝડપી કાર્યવાહી હાથ ધરી હતી. ઘટનાના એક મહિનાની અંદર, 27 ફેબ્રુઆરી, 2023ના રોજ ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. સુનાવણી દરમિયાન પોલીસે કુલ 10 સાક્ષીના નિવેદન અને ફોરેન્સિક પુરાવા રજૂ કર્યા હતા. સીસીટીવીમાં આરોપી કેદ થયો હતો. FSL રિપોર્ટમાં આરોપી અને બાળકીના કપડાં પર મળેલા લોહીના નમૂનાઓ એકસરખા હોવાનું સામે આવ્યું હતું. અદાલતે ભારતીય દંડ સંહિતાની જોગવાઈઓ તથા પોક્સો એક્ટની કલમ 6 હેઠળ આરોપીને 20 વર્ષની સખત કેદ અને 10 હજાર દંડની સજા ફટકારી હતી. કેસમાં સરકારી વકીલ હરિઓમ ઉપાધ્યાયે સરકાર પક્ષ તરફથી દલીલો રજૂ કરી હતી.

સંઘપ્રદેશમાં શિક્ષણ વિભાગના કડક આદેશ

વાપીઃ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ શાળા શિક્ષણ નિયમો, 2026 અંતર્ગત નિર્દેશો બહાર પાડવામાં આવ્યા છે. સંઘપ્રદેશમાં કાર્યરત તમામ બિન-માન્યતા પ્રાપ્ત શાળાઓ, સ્ટેન્ડ-અલૉન પ્રી-પ્રાયમરી શાળાઓ અને શૈક્ષણિક પ્રવૃત્તિ કરતી ધાર્મિક સંસ્થાઓએ શિક્ષણ નિયામક પાસેથી ફરજિયાત માન્યતા મેળવવાની રહેશે. ઉપરાંત તમામ કોચિંગ સેન્ટર્સ, ટ્યુશન ક્લાસીસ અને અનૌપચારિક શિક્ષણ કેન્દ્રોએ પણ કામગીરી ચાલુ રાખતા પહેલા પૂર્વ પરવાનગી મેળવવી અનિવાર્ય છે. નિયમોનું પાલન ન કરનાર સંસ્થાઓ સામે કાર્યવાહી હાથ ધરાશે. સંબંધિત તમામ સંસ્થાઓએ આ અખબારી યાદી જાહેર થયાના એક મહિનાની અંદર જરૂરી દસ્તાવેજો સાથે સંબંધિત જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરીમાં અરજી કરવાની રહેશે.

પૂરગ્રસ્તોના નામે ફાળો એકત્ર કરનારા સામે તંત્રની સખ્ત સૂચના

ઉદ્યોગો-એકમો આવી અનધિકૃત વ્યક્તિઓ કે સંસ્થાઓની અપીલોનો પ્રતિસાદ ન આપેઃ દાનહ જિલ્લા પ્રશાસન

વાપીઃ તાજેતરમાં સર્જાયેલી ભીષણ પૂરની સ્થિતિમાં રાહત અને બચાવ કાર્યને વ્યવસ્થિત રીતે ચલાવવા માટે દાદરા નગર હવેલી જિલ્લા પ્રશાસન દ્વારા એક નોટિસ જાહેર કરવામાં આવી છે. જેમાં જણાવ્યું કે, કેટલાક વ્યક્તિઓ, બિન-સરકારી સંસ્થાઓ (NGOs) અને અન્ય સંગઠનો પૂરગ્રસ્તો માટે રાશન કિટ્સ, નાણાકીય સહાય કે અન્ય કલ્યાણકારી લાભોના નામે ઉદ્યોગો અને નાગરિકોનો સંપર્ક કરી ફાળો એકત્ર કરી રહ્યા છે. આ બાબતને વહીવટી તંત્ર દ્વારા અત્યંત ગંભીરતાથી લેવામાં આવી છે. જિલ્લા પ્રશાસને સ્પષ્ટ કર્યું છે કે, પૂરગ્રસ્ત જનતાની તમામ જરૂરિયાતો ને પહોંચી વળવા માટે વહીવટી તંત્ર સંપૂર્ણપણે સક્ષમ છે. ઉદ્યોગો અને વિવિધ સંસ્થાનોના પ્રતિનિધિઓને ખાસ સૂચના આપવામાં આવી છે કે, તેઓ કોઈપણ અનધિકૃત વ્યક્તિઓ કે સંસ્થાઓ તરફથી આવતી સહાય અથવા ફાળાની અપ્રાપ્ત અપીલોનો કોઈપણ પ્રકારનો પ્રતિસાદ ન આપે. વ્યક્તિઓ, NGOs, ચેરિટેબલ ટ્રસ્ટો અને સંસ્થાઓને કડક શબ્દોમાં નિર્દેશ આપવામાં આવે છે કે ઉદ્યોગો, સંસ્થાનો કે સામાન્ય જનતા પાસેથી કિટ્સ, કે સહાય માટે વિનંતી ન કરે.

સહકારી ખાંડ ઉદ્યોગ મંડળ લિમિટેડ ગણદેવી - ગણદેવી સુગર ફેક્ટરી ચૂંટણી - 2026

અમીતકુમાર ઠાકોરભાઈ પટેલ
સમન્વય પેનલના નવસારી જલાલપોર વિભાગ નં. ૬ ઉમેદવાર

સમન્વય પેનલ

જયંતીભાઇ બી. પટેલ
પૂર્વ ચેરમેન

સુજ્ઞ સભાસદ ભાઈઓ તથા બહેનો તા.02-08-2026ને રવિવારના રોજ આપણી ઉપરોક્ત સંસ્થાની વ્યવસ્થાપક સમિતિની ચૂંટણી માટે આપણી સમન્વય પેનલને આપણા લોકલાડીલા શ્રી જયંતીકાકાની શુભાશિષ સાથે જાહેર કરેલ છે. અમો તમામ ઉમેદવારોને એમના નિશાન પર મત આપી અપાવી વિજય બનાવવા નમ્ર અપીલ છે.

	વિભાગ	ઉમેદવારનું નામ		ગામ	ચિન્હ
૧	ગણદેવી	રાજેશકુમાર ભીખુભાઈ પટેલ		દુવાડા	
૨	ગણદેવી	સમીરભાઈ રમેશભાઈ પટેલ		એંધલ	
૪	નવસારી જલાલપોર	જયંતિભાઈ રામભાઈ પટેલ		ખડછીત્રા	
૫	નવસારી જલાલપોર	મુકુંદભાઈ ઠાકોરભાઈ પટેલ		નાગધરા	
૬	નવસારી જલાલપોર	અમીતકુમાર ઠાકોરભાઈ પટેલ		ધામણ	
૭	ચીખલી	રાજેન્દ્રકુમાર પરસોત્તમભાઈ પટેલ		વાંઝણા	
૮	ચીખલી	મેહુલકુમાર ગીરીશભાઈ પટેલ		સાદકપોર ગોલવાડ	
૯	ચીખલી	નટુભાઈ ધીરૂભાઈ પટેલ		સોલધરા	

		ઉમેદવારનું નામ			ચિન્હ
૧૦	વલસાડ	કમલભાઈ શાંતિલાલ પટેલ		રાબડા	
૧૧	મહુવા	અલ્પેશભાઈ ચંદુભાઈ દેસાઈ		ઝેરવાવરા	
૧૨	વાંસદા	રાજેન્દ્રસિંહ છોટુસિંહ પરમાર		યાપલધરા ધોલીકૂવા	
૧૩	મહિલા અનામત	દિપીકાબેન જીતેન્દ્રભાઈ પટેલ		સદલાવ	
૧૩	મહિલા અનામત	મનીષાબેન મનોજભાઈ પટેલ		ખાપરીયા	
૧૪	અનુસુચિ જનજાતિ અનામત	વિરેન્દ્રભાઈ રમણભાઈ પટેલ		વાંઝણા વાગરવાડી	
૧૬	બિન ઉત્પાદક બ-વર્ગ	ગોપાળભાઈ મોહનભાઈ ગોહિલ		ગણદેવી	

મહિલા સીટો માટે બે મત આપવા

આપનો કિંમતી મત સેવાભાવી ઉમેદવારના બેન્ચ અને ફુવારોના ચિન્હને મત આપીને વિજયી બનાવો